ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૮૫ ટકા

# વાવોલમાં સમસ્યાઓ અપાર ને તંત્ર બેદરકાર...!!!

## સ્ટ્રીટ લાઈટોની સુવિધા ન હોવાથી ભેંકાર રાત્રિ : પોલિસ પેટ્રોલીંગ વધારવા માંગ : રસ્તાઓ પર ખાડા અને રખડતાં ઢોરોનું સામ્રાજ્ય : રોગચાળાની પરિસ્થિતિ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના સૌથી નજીકના ગુડા વિસ્તાર વાવોલ ખાતે વસાહતીઓને તંત્ર દ્વારા ઓરમાયું વર્તન કરાતું હોવાનો અહેસાસ થઈ રહ્યો છે. આ અહેસાસ પાછળ મુખ્ય કારણ વાવોલમાં નાગરિકો માટેની પ્રાથમિક સુવિધાઓ પ્રત્યે તંત્રની ઉદાસીનતા જવાબદાર છે. વાવોલમાં સ્ટ્રીટલાઈટની વ્યવસ્થાનો અભાવ, રોડ રસ્તા પરના ખાડાં પુરવામાં ઉદાસીનતા, રખડતા ઢોરોનો ત્રાસ, પોલિસ પેટ્રોલીંગમાં બેદરકારી જેવી સમસ્યાઓ અંગે વસાહતીઓમાં ફરિયાદો ઉઠતી જોવા મળી રહી છે.

પાટનગરની નજીકના અનેક ગામડાં તથા વિસ્તારોનો વિકાસ ઝડપી થવા પામ્યો છે પરંતુ તંત્રના ઓરમાયા વર્તનને કારણે શહેરના સૌથી નજીકનો ગુડા વિસ્તાર હોવા છતાં વાવોલનો વિકાસ રૂંધાઈ રહ્યો છે. વાવોલના કોલવડા ચાર રસ્તાથી ઉવારસદ તરફના મુખ્ય માર્ગ પરથી ભારે વાહનોને પસાર કરવા દેવાય છે પરંતુ આ માર્ગ પર બંનો તરફ નવનિર્મિત સોસાયટીઓ જેવી કે શાલીન-૧ થી ૫, સંકલ્પ રોયલ બંગલો, નીલકંઠવીલા, કિર્તિધામ, ચંદ્રલોક, શાલ્વિક શુકન વગેરે આવેલી છે આમ છતાં આ માર્ગ પર સ્ટ્રીટલાઈટની વ્યવસ્થા નથી.

### વાવોલમાં વરસાદી ખાડા સાથે રોગચાળો

વાવોલના મુખ્ય માર્ગો પર દર વર્ષની જેમ આ વર્ષે પણ વરસાદના પગલે મસમોટાં ખાડા પડી જવા પામ્યા છે. વળી, આ ખાડાંઓનું સમયસર પુરાણ ના થવાને કારણે તેમાં વરસાદી પાણીનો ભરાવો થયો હોવાથી રોગજન્ય જીવાણઓનો ઉપદ્રવ વધ્યો છે. આ કારણે વાવોલમાં હાલ ઋતુજન્ય રોગચાળો ફેલાયેલો જોવા મળી રહ્યો છે. આ બાબતે પણ તંત્રની ઉદાસીનતા ઉડીને આંખે વળગે તેવી છે.

વાવોલમાં સ્ટ્રીટ લાઈટના અભાવે રાત્રિના સમયે ભેંકાર વિસ્તાર બની જતો હોવા છતાં પોલિસ પેટ્રોલીંગનો અભાવ જોવા મળે છે જેના કારણે નાગરિકોની સલામતી પણ જોખમમાં મુકાય છે. આ સાથે શાંતિવન, શાંતિનગર તથા દ્વારકેશ રેસીડેન્સી જેવી સોસાયટીઓના વિસ્તારમાં પણ સ્ટ્રીટલાઈટોની વ્યવસ્થા નથી. ગોકુલપુરા પાસેના 'ક' માર્ગ પર રખડતા ઢોરોનો અનહદ ત્રાસ વર્તાઈ રહ્યો છે જેના કારણે શાળાએ અવરજવર કરતા બાળકો તથા આ વિસ્તારની મહિલા વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વાવોલમાં માત્ર ચુંટણી સમયે જ દેખાતા નેતાઓ નાગરિકોને પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં સદંતર નિષ્ફળ નીવડયા છે ત્યારે આ વિસ્તારના રહીશોમાં ભારે રોષની લાગણી પ્રવર્તી રહી છે.



## @ગાંધીનગર

● સર્જન એજયુકેશન અને ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સવારે ૯.૩૦થી ૧૧ કલાક દરમિયાન સે-૧૨ શોપીંગ સેન્ટર ખાતે તુલસી અને અરડુસીના છોડનું વિના મૂલ્યે વિતરણ કરાશે.

● ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર એજયુકેશન ખાતે જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે શિક્ષક દિન નિમિત્તે વકતૃત્વ સ્પર્ધા યોજાશે.

● કલાઈમેટ ચેન્જ અંગેનું જન જાગૃતિ પ્રદર્શન સે-૨ સ્વામિનારાયણ મંદિર પાછળ ભકિતમાતા ભવન હોલ ખાતે સવારના ૧૦ થી સાંજના ૭ કલાક દરમિયાન ખુલ્લું રહેશે.

# દર ૨૮ સેકન્ડે દર્દીને બચાવતી ૧૦૮ એમ્બ્યુલન્સની અજોડ સેવા

ગાંધીનગર, તા.૪

ગુજરાત સરકાર દ્વારા દર્દીઓની સેવા માટે દસ વર્ષ પહેલા ૧૦૮ ની એમ્બ્યુલન્સ વાનનો પ્રારંભ કર્યો હતો. પ્રારંભિક તબક્કામાં રાજયભરમાં ૧૦૮ માત્ર ૫૩ જ એમ્બ્યુલન્સ હતી. તેના સ્થાને અત્યારે હાલ ૧૦ વર્ષ પૂર્ણ થતા હાલના સમયે રાજયમાં ૫૮૫ એમ્બ્યુલન્સ સેવામાં કાર્યરત છે. ત્યારે વર્ષો પહેલા વાવેતર કરવામાં આવેલ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો છોડ આજે વટવૃક્ષ બનીને રાજયમાં પોતાની સેવાઓ આપી રહી છે.દર ૨૮ સેકન્ડે દર્દીઓની સેવા માટે ૧૦૮ ની એમ્બ્યુલન્સ એક ટ્રીપ મારે છે.




ગુજરાતના અંતરીયાળ વિસ્તારોમાં એમ્બ્યુલન્સના અભાવે અનેક દર્દીઓના અપમૃત્યુ થયાના કિસ્સાઓ અખબારોમાં પ્રકાશિત થતા હતા. આવા સંજોગોમાં દર્દીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવાનું આયોજન કરવામાં આવ્યું. જેના પરિણામ સ્વરુપે ૧૦૮ એમ્બ્યુલન્સનો જન્મ થયો. સમગ્ર દેશમાં ૧૦૮ની સેવા શરુ કરનાર ગુજરાત તે સમયે બીજા નંબરનું રાજય બન્યું હતું. ૧૦૮ દ્વારા આપવામાં આવતી સેવાઓમાં કોઈ પ્રતિબંધ રાખવામાં આવ્યો નથી. તેને કારણે દર્દીને કોઈપણ પ્રકારનું દર્દ હોય તો તેઓ આ સેવાનો લાભ નિસંકોચપણે લઈ શકે છે. બીજી બાજુ અકસ્માત કે અન્ય ઈમરજન્સીના સમયે આ સેવાનું મહત્વ સમજી શકાય છે. એટલુ જ નહી ૭૫ હજારથી વધુ પ્રસુતાઓમાં ૧૦૮ ની મદદ મળવા પામી છે.જેને પગલે પ્રસુતા મહિલાઓ નજીકના હેલ્થ સેન્ટર ખાતે સરળતાથી પહોંચી શકી છે. ૧૦૮ દ્વારા પ્રતિ કલાકે એક માનવ જીંદગી બચાવવામાં આવે છે. રાજયમાં દરરોજ ૧૦૮ ને અંદાજીત ૩૨૦૦થી ૩૫૦૦ જેટલા કોલ આવે છે. જેમાં દર્દીઓને સારવાર આપવામાં આવે છે. જયારે વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૦૮ની વધુ ૧૧૨ એમ્બ્યુલન્સનો સમાવેશ થતા ૬૫૦ એમ્બ્યુલન્સનો આંકડો પાર કરી જશે. ૧૦૮નું તંત્ર રાજયના છેવાડાના નાગરીકને પણ ૧૦૮ની સેવા સમયસર મળે તે માટે સતત પ્રયત્નશીલ છે.

# કોલવડા - ધમાસણા માર્ગ બિસ્માર હાલતમાં

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના માર્ગો લીસા અને ચકાચક હતા તેના સ્થાને વરસાદ બાદ ખરબચડા થઈ જતા સરકારની આબરુના ધજાગરા થઈ ગયા છે. જયારે શહેરી વિસ્તારની સાથો સાથે ગ્રામ્ય વિસ્તારના માર્ગોની હાલત પણ કફોડી બની જવા પામી છે. ત્યારે તાજેતરમાં જ કોલવડાથી ધમાસણા જતા માર્ગનું નવિનીકરણનું કામ હાથ ધરાયું હતું. પરંતુ માત્ર ત્રણ મહિનાના ટુંકા ગાળામાં જ આ માર્ગની હાલત કફોડી બની ગઈ છે. રોડ પર માત્ર રોલર ફેરવી સરકારી રૂપીયા અધિકારીઓ અને કોન્ટ્રાકટરો દ્વારા ચાઉં કરી ગયા હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો અને સ્થાનિક ગ્રામજનોમાં રોષ ફેલાયો છે. સ્થાનિક નાગરીકોએ માર્ગ અંગે ધારાસભ્ય તેમજ જિલ્લા વિકાસ અધિકારીને પણ લેખિત તેમજ મૌખિક રજુઆતો કરી છે છતા તંત્રના બહેરા કાને ગ્રામજનોની રજુઆત સંભળાઈ નથી. ત્યારે આ માર્ગનું કામ તાત્કાલીક ધોરણે તંત્ર દ્વારા કરવામાં આવે તેવી માંગ ગ્રામજનો દ્વારા કરવામાં આવી છે.

રાજયમાં ચાલુ વર્ષે મેઘરાજા મનમુકીને વરસતા સરકારી તંત્રની પોલ ખુલી ગઈ છે. માર્ગના કામમાં થયેલા ભષ્ટ્રાચારના પોપડા વરસાદે ઉખેડી નાંખ્યા છે.ત્યારે ગાંધીનગર જિલ્લાના કોલવડા - ધમાસણા માર્ગ ત્રણ મહિના પહેલા જ તંત્ર દ્વારા બનાવવામાં આવ્યો છે.પરંતુ વરસાદી પાણીમાં માર્ગ ધોવાઈ જતા અધિકારીઓ અને કોન્ટ્રાકટરો ચિંતિત નજરે પડી રહ્યા છે. માત્ર લેપ લગાડીને માર્ગ ને નવો કરવામાં આવતા લેપ ઉતરી જતા માર્ગ ઉબડ-ખાબડ બની જવા પામ્યો છે. જેથી વાહન ચાલકો અને સ્થાનિક નાગરીકોમાં રોષ ફેલાયો છે. માર્ગના નવિનીકરણ માટે સ્થાનિક ધારાસભ્ય તેમજ જિલ્લા વિકાસ અધિકારીને પણ જાણ કરી છે છતા કોઈ નિવેડો આવ્યો નથી તેવુ ગ્રામજનો રોષ સાથે જણાવી રહ્યા છે.ત્યારે ત્રણ મહિના પહેલા તૈયાર કરેલ માર્ગ ફરીવાર ચકાચક બનાવવામાં આવે તેવી માંગ ગ્રામજનો કરી રહ્યા છે.

# સે-૮માં દાગીના ઘસી આપવાના બહાને બે ગઠીયાઓ કળા કરી ગયા

## બે બે તોલા સોનાની બે બંગડી લઈ ગઠીયા ફરાર

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેર ચોર-ગઠીયા, લુંટારાઓ માટે સોફટ ટાર્ગેટ બની રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. ચોર ઈસમો સરળતાથી પોતાના ટાર્ગેટને અંજામ આપી રફુચક્કર થઈ જાય છે. ત્યારે આજે બે ગઠીયાઓ સેકટર-૮માં કળા કરી ગયા હતા. બે ગઠીયાઓએ એક મહિલાના ઘર પાસે જઈને તાબાં-પિતળના વાસણો ચકચકીત કરી આપવાના બહાને વિશ્વાસ કેળવી સોનાની બંગડીઓ પણ ઘસી આપવાનું કહીને ગઠીયાઓ લઈને પલાયન થઈ ગયા હતા. બે બે તોલાની સોનાની બંગડી ગઠીયાઓ લઈ જતા સમગ્ર સેકટરમાં હાહાકાર મચી જવા પામી હતી. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ગુનોં નોંધાવતા પીએસઆઈ વી.એમ.દેસાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૮ પ્લોટ નં-૬૫૬-૧ ખાતે રહેતા સાવિત્રીબેન શાસ્ત્રી અને તેમના ઘરકામ કરતા બહેન બંન્ને આજે બપોરના ૧૧ વાગ્યાના અરસામાં ઘરમાં હતા. તે દરમિયાન બે ગઠીયા આવ્યા હતા. અને સાવિત્રીબેનને તાંબા-પિતળના વાસણો ઘસીને ચકચકીત કરી આપવાનું જણાવ્યું હતું. ત્યારબાદ તેઓએ નાના મોટા થોડાક વાસણો ઘસવા માટે આપ્યા હતા. તે સમયે ગઠીયાઓએ વાતો કરીને વિશ્વાસ કેળવી સોનાની બંગડી પણ ચકચકીત કરી આપીએ તેમ કહ્યું હતું. બાદમાં ગઠીયાઓએ સાફ કરતી સમયે કલર બદલાતા સાવિત્રીબેન કહેતા ગઠીયાઓએ જણાવ્યું હતું કે ગરમ પાણીમાં હળદર નાંખીને રાખજો થોડીવારમાં ચકચકીત થઈ જશે આ તો પાવડરનું પાણી હોય એટલે કલર બદલાય.બાદમાં સાવિત્રીબેન અંદર ઘરમાં ગયા અને કામવાળા બેનને કંઈ ચીજવસ્તુ લેવા માટે કહીને કામમાં પરોવી દીધા હતા. જયારે થોડીવાર પછી જોયું તો ગઠીયાઓ હાજર નહોતા અને બંન્ને બંગડીઓ પણ ગાયબ હતી. ગઠીયાઓ વીઆઈપી ગણાતા સેકટરમાં કળા કરી જતા સૌ કોઈ અચંબામાં પડી ગયા હતા. સાવિત્રીબેને સે-૭ પોલીસ મથકે બે સોનાની બંગડી કિ.રૂ.૧.૨૦ લાખની ફરિયાદ નોંધાવતા પીએસઆઈ વી.એમ.દેસાઈએ ગઠીયાઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## આઈ લવ માય ગાંધીનગર



**વસંતભાઈ કાશીરામ રાવલ**

**ગાંધીનગર ગમે**

ગાંધીનગર એ ગુજરાતનું પાટનગર છે. એ મને એટલા માટે ગમે છે કે શાંત, પ્રદૂષણથી મુક્ત અને હરિયાળું નગર છે.

**નગરજનો**

શિક્ષિત, સંસ્કારી, નોકરિયાત, કલા-સંસ્કૃતિપ્રેમી અને સેવાભાવી નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

કડી સર્વ વિદ્યાલય, સ્વામિનારાયણ ગુરુકુળ, શિવરંજની, કલાગુર્જરી, ગાંધીનગર કલ્ચરલ ફોરમની શિક્ષણ, સેવા તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા, શહેર પ્રત્યે સંવેદના અને યુવા વિકાસના નક્કર કાર્યક્રમોની જરૂરિયાત અનુભવી રહ્યો છું.

**નગર માટે હું કરી શકું**

શિક્ષણ અને રોજગારના ઉપક્રમો માટે મારી સહાય શહેરને પૂરી પાડવા માટે હું તત્પર છું.

# અરિના એનિમેશન દ્વારા આયોજીત ઈગણેશામાં ક્રિએટિવિટીનો ચમત્કાર



ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં આવેલી અરિના એનિમેશન એ યુવાનોમાં રહેલી ક્રિએટિવિટી બહાર લાવી એમને વ્યવસાય તરફ અગ્રેસર કરવા અનોખું કામ કરે છે.

અત્યારે ચાલી રહેલા ગણેશોત્સવને ધ્યાનમાં રાખીને એમણે ઈગણેશા સ્પર્ધાનું આયોજન કર્યું હતું. આ સ્પર્ધામાં ફોટોગ્રાફી, આર્ટ-ક્રાફટ, કલે વર્ક, ગ્રાફિકસ અને સ્કેચ-પેઈન્ટિંગ જેવા પાંચ વિભાગ રાખવામાં આવ્યા હતા. આમાં ૪૫ સ્પર્ધકોએ ભાગ લઈને એમની ક્રિએટિવિટીનો કમાલ બતાવ્યો હતો.

એમાંય સૂતળીમાંથી બનાવેલા ગણપતિ અને વિસર્જન થયેલા ગણપતિની વ્યથાનો ફોટો તો કાબીલેદાદ હતા. આ સ્પર્ધામાં વિઝીટર વોટીંગ અને ક્રિટીકલ વોટીંગ દ્વારા વિજેતા નક્કી કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધાનું આયોજન અરિના એનિમેશનના ચેરમેન મહેશ કુંભાણીના માર્ગદર્શન હેઠળ અને નકુલ મોહલે-આશિષ પ્રજાપતિના આયોજન હેઠળ થયું હતું.

આ સ્પર્ધાના વિજેતાને ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતના હસ્તે ટ્રોફી અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. એમણે આ પ્રસંગે ક્રિએટિવિટીને પ્રોત્સાહીત કરતી એકદંત ગણપતિની વાર્તા કીધી હતી. આ સમગ્ર સ્પર્ધામાં રીંકુ પટેલ અને ભૂમિ પરમારે ભારે જહેમત લીધી હતી. ઈગણેશા પ્રકારની ક્રિએટિવિટી યુવાનોને નવી દિશા ખોલી આપે છે.

# પોલિટેકનિક કોલેજમાં કાનૂની માર્ગદર્શન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરની સરકારી પોલિટેકનિક કોલેજ ખાતે રાજય કાનુની સેવા સત્તા મંડળ દ્વારા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના સહયોગથી કાનુની માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં પીએલવી સુધીરભાઈ દેસાઈ તથા સીતારામભાઈ પટેલે મહિલાઓને પ્રાપ્ત કાનુની અધિકારો અંગે માર્ગદર્શન પુરું પાડયું હતું. જેનો ૧૦૦થી વધુ વિદ્યાર્થીનીઓએ લાભ લીધો હતો. આ પ્રસંગે કોલેજના આચાર્યા રૂપલબેન મર્ચન્ટ તથા સંસ્થાના વુમન ડેવલપમેન્ટ સેલના સભ્યો મમતાબેન પટેલ, મૈત્રી દવે તથા આશાબૈન સરવૈયાએ કાર્યક્રમના આયોજન માટે જહેમત ઉઠાવી હતી.




# ગુરુજનોના ઉચ્ચતમ આદર્શોને જીવનમંત્ર બનાવવા સંકલ્પ કરીએ : રાજયપાલશ્રી

ગાંધીનગર, તા.૪

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું છે કે મહાન વિદ્વાન, તત્વચિંતક અને પ્રખર શિક્ષણશાસ્ત્રી તથા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિન પમી સપ્ટેમ્બરને 'શિક્ષક દિન' તરીકે ઉજવવામાં આવે છે. તેમણે જણાવ્યું છે કે ડૉ. રાધાકૃષ્ણનના જન્મ દિને રાષ્ટ્રના ભાવી પેઢીના નિર્માતા શિક્ષકોનું સન્માન કરી આપણે ગુરુજનો પ્રત્યેનું ઋણ અદા કરીએ.

રાજયપાલશ્રીએ કહ્યું કે શિક્ષકોનો આદર સન્માન કરવો એ આપણી ગૌરવશાળી સંસ્કૃતિ છે. તેઓ વિદ્યાર્થીના આદર્શ છે જે તેમને શિસ્ત, પ્રમાણિકતા અને નૈતિક મૂલ્યોને જીવનમાં અનુસરવાની પ્રેરણા આપે છે. તેમણે જણાવ્યું હતું કે આપણા ગુરુજનોના ચિંધેલા માર્ગે આગળ વધી રાષ્ટ્રને વિકાસના ઉચ્ચતમ શિખરોએ પહોંચાડવા આપણી યુવા પીઢી સંકલ્પ કરે.

# મગફળીમાં 'ધૈણ' નામની જીવાત નિયંત્રણ માટે ખેડૂતોને માર્ગદર્શન

ચાલુ ખરીફ સીઝનમાં મોટે ભાગે સૌરાષ્ટ્ર વિસ્તારમાં અગત્યના ખેતી પાક મગફળીમાં 'ધૈણ' નામની જીવાતનો ઉપદ્રવ સામાન્ય રીતે જોવા મળ્યો છે.

ઊભા પાકમાં ઉપદ્રવ જોવા મળે ત્યારે ક્લોરપાયરીફોસ (૨૦ ઈસી) અથવા ક્વીનાલફોસ (૨૫ ઈસી) ૨૫ મીલી જંતુનાશક દવા હેકટરે ૪ લીટર પ્રમાણે પિયતના પાણી સાથે ઢાળિયા ઉપર ટીપે ટીપે પડે તે રીતે આપવી. સફેદ ધૈણના નિયંત્રણ માટે જૈવિક નિયંત્રક બ્યુવેરિયા બાસિયાના ૧૦-૧૫ કી.ગ્રા. પ્રતિ હેક્ટર ચાસમાં આપવું. જો પિયતની સગવડ ન હોય તો પંપ દ્વારા ક્લોરપાયરીફોસ ૨૦ ઈસી દવા ૧૦ લીટર પાણીમાં ૨૫ મિલી પ્રમાણે મગફળીના મૂળ પાસે પડે અને જમીનમાં ઉતરે તે રીતે નોઝલ કાઢી રેડવાથી નિયંત્રણ મેળવી શકાય છે. જંતુનાશક દવા ક્લોરપાયરીફોસ (૨૦ઈસી) ૪ લીટર દવા ૫ લીટર પાણીમાં ઓગાળી આ મિશ્રણને ૧૦૦ કિલો રેતીમાં ભેળવીને ત્યારબાદ રેતી સૂકવી એક હેકટર વિસ્તારમાં છોડના થડ પાસે રેતી નાખવી. અને જો વરસાદ ન હોય તો હળવું પિયત આપવું જરૂરી છે.

આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક/વિસ્તરણ અધિકારી/તાલુકા અમલીકરણ અધિકારી/મદદનીશ ખેતી નિયામક (તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (વિ.), અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર – ૧૮૦૦૧૮૦૧૫૫૧ નો સંપર્ક કરવો તેમ વધુમાં જણાવાયું છે.

## ચિરવિદાય

● સ્વ. નાયક બળવંતકુમાર ગોવિંદલાલ, ઉ.વ. ૪૯

# સાહિત્ય અને પત્રકારત્વ મળે ત્યારે સમાચાર કલાકૃતિ બને

ગાંધીનગર, તા.૪

'આજે સ્થિતિ એ છે કે આપણું સાહિત્ય વંચાતુ નથી અને પત્રકારત્વમાં કશું વાંચવા જેવું હોતું નથી.' આ બળાપો વરિષ્ઠ પત્રકાર તંત્રી અજય ઉમટે ગુજરાત સાહિત્ય અકાદમી તથા અજાજ મિડિયા ટ્રસ્ટના ઉપક્રમે યોજાયેલા પ્રેસ સેમિનારમાં વ્યકત કર્યો હતો. આ સેમિનારમાં વરિષ્ઠ મરાઠી પત્રકાર સર્જક ઉત્તમ કામ્બલેએ જણાવ્યું હતું કે 'સાહિત્ય અને પત્રકારત્વ એક થાય છે ત્યારે સમાચાર પણ એક કલાકૃતિ બને છે.'

ગુજરાત સાહિત્ય અકાદમી તથા અજાજ મિડિયા ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે અમદાવાદ ખાતે 'સાહિત્ય અને પત્રકારત્વ : એકમેકના સાથી' વિષયે પ્રેસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક ભવન ખાતે યોજાયેલા આ સેમિનારમાં ઉદઘાટન પ્રવચનમાં મરાઠી દૈનિક 'સકાળ'ના પૂર્વ મુખ્ય તંત્રી તથા વરિષ્ઠ પત્રકાર ઉત્તમ કામ્બલેએ જણાવ્યું હતું કે, 'જેમનો સારો અભ્યાસ અને વાંચન છે તેણે હાલ પત્રકાર બનવા માટે શ્રેષ્ઠ અવસર છે. જો કે પત્રકારત્વમાં જોડાતા પહેલા તમે જાત સાથે સંવાદ કરી ગરીબ-પીડીત અને સમાજની વાચા બનવાના હોય તો જ આ ક્ષેત્રમાં ઝંપલાવવા શીખ આપી હતી.'

## પ્રેસ સેમિનારમાં ઉત્તમ કામ્બલે અને અજય ઉમટના માર્મિક વકતવ્યો : સાહિત્ય વંચાતુ નથી અને પત્રકારત્વમાં વાંચવા જેવું હોતુ નથી : અજય ઉમટ

અતિથિ પદે ઉપસ્થિત 'નવગુજરાત સમય' દૈનિકના તંત્રી તથા વરિષ્ઠ પત્રકાર અજય ઉમટે જણાવ્યું હતું કે પ્રવર્તમાન સમયમાં સાહિત્ય અને પત્રકારત્વના કથળેલા ધોરણો ચિંતાજનક છે, આ સાથે તેમણે માર્મિક ટકોર પણ કરી હતી કે પત્રકારત્વ એક જવાબદારી ભર્યું કાર્ય છે અને તે ભવિષ્યના ઈતિહાસનો મુસદ્દો છે. આ કાર્યક્રમમાં અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહેલા ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર મનોજ ઓઝાએ નર્મદની 'ડાંડિયો'માં તથા ઝવેરચંદ મેઘાણીની 'ફુલછાબ'માં ખેડાયેલી પત્રકારત્વયાત્રા અને સર્જનયાત્રાની સઉદાહરણ ચર્ચા કરી જણાવ્યું હતું કે 'સાહિત્ય અને પત્રકારત્વ ભેગા મળે ત્યારે તેના ઉત્તમ પરિણામો પ્રાપ્ત થાય છે.'

કાર્યક્રમના પ્રારંભે અજાજ મિડિયા ટ્રસ્ટના અધ્યક્ષ નટુભાઈ પરમારે મહેમાનોનો પરિચય કરાવ્યો તથા મહામંત્રી ભરત દેવમણીએ રાજયના અનસૂચિત જાતિ અને જનજાતિના પત્રકારોના સંગઠનની કામગીરીનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમમાં અનિવાર્ય સંજોગોના કારણે ઉપસ્થિત ના રહી શકેલ ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડયા અને માહિતી કમિશનના નવિન ઉપાધ્યાયના શુભેચ્છા સંદેશાનું મિત્તલ પટેલે વાંચન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન આશુતોષ રાવલે કર્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પત્રકારો તથા સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતાં.